Power Point Presentation

By

Dr. K. C. Rathwa

(assistant Professor)

B.A Sem.1

Paper Code: UA01CECO22

Topic: Characteristics of Capitalism

BHAVAN'S COLLEGE,DAKOR

Topic: મૂડીવાદ એટલે શુ? મૂડીવાદના લક્ષણો સમજાવો.

મૂડીવાદ એટલે શું?

1. અર્થ (વ્યાખ્યા) :

મુડીવાદ 'વાદ' શબ્દ લોકોની મુડી તરફના ચોક્કસ વલણનો નિર્દેશ કરે છે. મુડીવાદ માં મુડીની માલિકી ખાનગી હોય છે. જે આર્થિક પધ્ધતિ માં મુડી સાધનોની માલિકી ખાનગી હોય અને ખાનગી લાભ (નફા) માટે તેનો ઉપયોગ થતો હોય તે આર્થિક પધ્ધતિને મુડીવાદ તરીકે ગણાવી શકાય. સમાજવાદમાં મૂડી હોય છે પણ ખાનગી માલિકી હોતી નથી. ટૂંકમાં મૂડીનું અસ્તિત્વ બધા દેશોમાં મૂડીવાદ નથી.

મૂડીવાદને મુક્ત સાહસની પધ્ધતી કહેવામાં આવે છે. કારણ કે મૂડીવાદમાં દરેક મૂડીદારને પોતાની મૂડીનું પોતાની મરજી મુજબ રોકાણ કરવાની સ્વતંત્રતા હોય છે. મૂડીવાદને 'મુક્ત બજારની પધ્ધતી' પણ કહેવામાં આવે છે. કારણ કે મૂડીવાદમાં બધા ભાવો માગ અને પુરવઠા દ્વારા મુક્તપણે નક્કી થાય છે અને ભાવોના આધરે લોકો આર્થિક નિર્ણયો લે છે. બજાર એક 'અદૃશ્ય હાથ' નું કામ કરે છે. આયોજન ન હોવા છતાં લોકોને સાચું માર્ગદર્શન મળે છે. સાચા નિર્ણયો લેવાય છે અને નિર્ણયો વચ્ચે સુસકલન સધાય છે. દૂરના ભૂતકાળમાં મૂડીવાદ ને સ્વૈરવિહાર કે 'થાય તેમ થવા દો' ની વિચારસરણી પર આધારિત પધ્ધતિ એવું નામ આપવામાં આવેલું. કારણ કે મૂડીવાદમાં દરેક વ્યક્તિને આર્થિક સ્વતંત્રતા આપવામાં આવે છે.

કેટલાક અર્થશાસ્ત્રીઓએ મૂડીવાદની વ્યાખ્યા આપી છે તે નીચે મુજબ છે:

1. **જહોન સ્ટ્રેચી :**

મૂડીવાદ એ એક એવી આર્થિક પધ્ધતિ છે; જેમાં ખતરો, કારખાનાં અને ખાણોની માલિકી વ્યક્તિઓની અથવા વ્યક્તિઓના સમુહની હોય છે. મૂડીવાદમાં પ્રેમ નહીં પરંતુ નફો વીશ્ર્વને ફરતું રાખે છે.

2. **વિલિયમ લૌક્સ અને હૂટ :**

મૂડીવાદ આર્થિક વ્યવસ્થાનું એક એવું સ્વરૂપ છે જેમાં માનવ અને કુદરતે બનાવેલાં સાધનો ખાનગી માલિકીનાં હોય છે તેમ જ ખાનગી નફાનાં હેતુથી તેમનો ઉપયોગ થાય છે.

3. મેક્સવેબર :

મૂડીવાદ એટલે બુદ્ધિપૂર્વક અને પધ્ધતિસરનો નફો મેળવવાની વૃતિ.

4. જી . એન . હામ :

મૂડીવાદને ખાનગી સાહસના અર્થકારણ તરીકે ઓળખાવી શકાય.

2. મૂડીવાદનાં લક્ષણો

આર્થિક પધ્ધતિ એ આર્થિક પ્રશ્નોને હલ કરવા માટેની રીતો કે સંસ્થાઓના સમૂહની બનેલી હોય છે. મૂડીવાદ પણ એક આર્થિક પધ્ધતિ હોવાથી તે સંસ્થાઓની બનેલી છે. મૂડીવાદની પાયાની આર્થિક સંસ્થાઓ નીચે મુજબ છે. આ સંસ્થાઓને 'પાયા'ની સંસ્થાઓ તરીકે ઓળખાણમાં આવે છે. કેમ કે જો આ સંસ્થાઓનો નાશ થાય તો છેવટે મૂડીવાદનો નાશ થાય છે. મૂડીવાદ આ પાયાની સંસ્થાઓ ઉપર ઊભેલો છે. માટે પાયાની આ સંસ્થાઓને મૂડીવાદનાં લક્ષણો તરીકે પણ ઓળખવામાં આવે છે.

1. અર્થપરાયણ માનવી :

મૂડીવાદની આ એક પાયાની સંસ્થા છે. આ સંસ્થા મૂડીવાદી અર્થતંત્રને સુસંવાદિત અને સંપૂર્ણ બનાવવાનું કાર્ય કરે છે. અર્થપરાયણ માનવી એટલે પોતાનું આર્થિક હિત મહતમ કરવા મથતો માનવી. આવા માનવીમાં કંપનીઓનો પણ સમાવેશ થઈ જાય છે. ટૂંકમાં મૂડીવાદમાં દરેક વ્યક્તિ અને સંસ્થા ગ્રાહક તરીકે, ઉત્પાદક તરીકે કે ઉત્પાદનના સાધન તરીકે પોતાનું આર્થિક હિત મહતમ કરવા પ્રયત્ન કરે છે. આ માટે તે લઘુતમ ત્યાગે મહતમ લાભ મેળવવાનો પ્રયત્ન કરે છે. દા.ત., ગ્રાહક બને તેટલી ઓછી કિંમત ચુકવીને વસ્તુના એકમો મેળવવાનો પ્રયત્ન કરે છે. જેથી તેને મળતો તુષ્ટિગુણ કે સંતોષ મહતમ થાય. ઉત્પાદક પણ વસ્તુનું ઉત્પાદન ખર્ચ બને તેટલું નીચું રાખવાનો અને વસ્તુની કિંમત શક્ય તેટલી ઊંચી રાખવાનો પ્રયત્ન કરે છે. જેથી તેને મહતમ નફો મળે. તે જ પ્રમાણે ઉત્પાદનનું સાધન (દા.ત.,શ્રમિક) પણ ઓછામાં ઓછા શ્રમે વધુ વેતન કે વળતર મળે તેવો પ્રયત્ન કરે છે.

આ સંસ્થા એક અગત્યનું કાર્ય બજાવે છે. તે કાર્ય છે અર્થતંત્રને સુવ્યવસ્થિત કરવાનું કાર્ય. દરેક આર્થિક ઘટકના વર્તનની પાયાની પાયાની બાબત એકસરખી હોવાને લીધે સૌના આર્થિક વર્તનમાં સુસંવાદિતા સ્થાપાય છે અને અર્થતંત્ર વ્યવસ્થિત રીતે કામ કરે છે.

2. ખાનગી મિલકતની સંસ્થા :

મુડીવાદમાં મિલકતની માલિકી ખાનગી એટલે કે વ્યક્તિગત હોય છે. વ્યક્તિગત મિલકતને દાનમાં આપી શકે, ગીરે મૂકી શકે, તેને અંગે કરાર કરી શકે, મિલકતમાં વધઘટ કરી શકે કે પછી તેનું વેચાણ કરી શકે. આમ પોતની મિલકત હોય તો તેનો નિર્ણય છૂટથી લઈ શકાય છે. ખાનગી મિલકતમાં જમીન, મકાન, ફર્નિચર, ઢોરઢાંખર, વગેરે ભૌતિક વસ્તુઓનો તેમ જ પુસ્તકના કોપીરાઈટ્સ, પેઢીની ગુડવિલ, પોતે કરેલી શોધ (નવપ્રવર્તન) નો પેટન્ટ હક વગેરેનો સમાવેશ થાય છે.

3. વારસાપ્રથા :

એક રીતે જોતાં વારસાપ્રથા એ ખાનગી મિલકતની સંસ્થાનો જ એક ભાગ છે. છતાં તેને અલગ ગણવામાં આવે છે કેમ કે ખાનગી મિલકતની સંસ્થાનું અસ્તિત્વ હોય પરંતુ વારસાપ્રથાનું અસ્તિત્વ ન હોય તો વ્યક્તિના મૃત્યુ બાદ તેની મિલકત રાજ્યની માલિકીની બની જાય, તેની લાંબે ગાળે ખાનગી મિલકત ઓછી થઈ જાય અને જાહેર (સરકારી) મિલકત વધતી જાય. તેમ થવાથી ખાનગી મિલકતની સંસ્થા નાબૂદ થાય. ખાનગી મિલકતની સંસ્થા મૂડીવાદનું હાર્દ છે. તેનો નાશ થવાથી મૂડીવાદનો નાશ થાય. આમ, મૂડીવાદને ટકાવી રાખવા માટે વારસાની સંસ્થાને ટકાવી રાખવી જરૂરી છે.

4. આર્થિક સ્વાતંત્ર્ય :

પહેલીવૃતિ સ્વતંત્રતાની સંસ્થા પણ મૂડીવાદની પાયાની સંસ્થા છે. તેણે મૂડીવાદના વિકાસમાં ખૂબ જ અગત્યનો ફાળો આપ્યો છે. ગ્રાહક, ઉત્પાદક અને ઉત્પાદનનાં સાધનો જો પોતાને ઠીક જણાય તે આર્થિક નિર્ણય લેવા માટે સ્વતંત્ર હોય તો આર્થિક સ્વાતંત્ર્યની સંસ્થાનું અસ્તિત્વ છે એમ કહી શકાય.

આર્થિક સ્વતંત્રતાનાં ચાર પાસાં છે: સાહસનું સ્વાતંત્ર્ય, વ્યવસાયનું સ્વાતંત્ર્ય, બચત અને રોકાણનું સ્વાતંત્ર્ય, વપરાશનું સ્વાતંત્ર્ય.

(અ) સાહસનું સ્વાતંત્ર્ય :

સાહસનું સ્વાતંત્ર્ય સૂચવે છે કે મૂડીવાદમાં ખાનગી સાહસો (એટલે કે ઉદ્યોગપતિઓ) સાધનો ખરીદવાની, સાધનોનું સંયોજન કરવાની, ગમે તે વસ્તુ ગમે તેટલા પ્રમાણમાં ઉત્પન્ન કરવાની સ્વતંત્રતા ધરાવે છે.

(બ) વ્યવસાયનું સ્વાતંત્ર્ય :

આનો અર્થ એ છે કે મૂડીવાદમાં વ્યક્તિઓ પોતાની રુચિ, લાયકાત કે શકિત મુજબ ગમે તે વ્યવસાય અથવા નોકરી અથવા સ્વરોજગારી કરે છે.

(ક) બચત અને રોકાણનું સ્વાતંત્ર્ય :

મૂડીવાદમાં વ્યક્તિઓનો બચત અને મૂડીરોકાણની સ્વતંત્રતા મળે છે. પોતાની આવકમાંથી બચત કરવી કે નહીં, અથવા કેટલી બચત કરવી એ નક્કી કરવાની તેમને સ્વતંત્રતા છે. ઉપરાંત, પૂતાની બચતોનું ક્યાં કેટલું રોકાણ કરવું એનો પણ નિર્ણય લેવાની તેમને સ્વતંત્રતા છે.

(ડ) વપરાશનું સ્વાતંત્ર્ય (ગ્રાહકની સર્વોપરિતા) :

ઉપભોક્તાઓ આવકની મર્યાદામાં રહીને ગમે તે વસ્તુ ગમે તેટલા પ્રમાણમાં ખરીદી શકે છે. તેઓ પોતાની મરજી વિભિન્ન વસ્તુઓ અને સેવાઓ વચ્ચે આવકની ફાળવણી કરી શકે છે.

આ સંદર્ભમાં ઘણીવાર કહેવામાં આવે છે કે મૂડીવાદમાં ગ્રાહક સર્વોપરી છે. ગ્રાહક માગે તે વસ્તુનું ઉત્પાદન થાય છે. ગ્રાહક માગે તેટલા પ્રમાણમાં વસ્તુનું ઉત્પાદન થાય છે. આમ, ગ્રાહકો માટે બજાર ચૂંટણીમાંની મતપેટી સમાન છે.

5. બજારતંત્ર :

મૂડીવાદી પધ્ધતિમાં આર્થિક આયોજન હોતું નથી. છૂટાછવાયા અસંખ્ય ગ્રાહકો હોય છે અને બીજી તરફ વેરવિખેર અસંખ્ય ઉત્પાદકો હોય છે. તેઓ એકબીજાના સંપર્કમાં હોતા નથી. તેઓ વપરાશ અને ઉત્પાદક અંગેના નિર્ણયો સ્વતંત્રયપણે લે છે અને છતાં ત્યાં અંધાધૂંધી અને અસમતુલા નથી. લોકોના જરૂરીયાત મુજબ ઉત્પાદન થાય છે. એનું રહસ્ય બજારતંત્ર કે ભાવતંત્રમાં છુપાયેલું છે. એટલે જ ઓગણીસમી સદીના અર્થશાસ્ત્રી એડમ સ્મિથે બજારતંત્રને 'અદૃશય હાથ' ની ઉપમા આપી છે.

6. હરિફાઇ :

હરિફાઇ અછતનો નિર્દેશ કરે છે. ચીજવસ્તુઓ અને સાધનોનું વ્યક્તિઓ જેટલું પ્રમાણ મેળવવા માટે ઈચ્છતી હોય તેનાથી તેનું પ્રમાણ ઓછું હોય તો તે મેળવવા માટે વ્યક્તિઓ વચ્ચે હરિફાઈ થશે. તેને મૂડીવાદની પાયાની સંસ્થા ગણવામાં આવે છે. 'હરીફાઈ' ને લીધે ચીજવસ્તુઓ, સેવાઓ અને સાધનોના ભાવ નક્કી થાય છે. તેથી સાધનોનો ઈષ્ટ ઉપયોગ શક્ય બનશે. પરસ્પર થતી હરિફાઈને લીધે જ શ્રમિકો પણ પોતાની કાર્યક્ષમતા ઊંચા સ્તરે ટકાવી રાખવાનો પ્રયાસ કરશે.

7. નફાનો હેતુ :

ઉત્પાદકને જ્યારે ઉત્પાદક ખર્ચ કરતાં વેચાણ આવક વધારે મળે છે ત્યારે નફો થાય છે. આવો નફો સમાજવાદી અર્થતંત્રમાં પણ થઈ શકે છે. પરંતુ નફાનો હેતુ કે 'નફાવૃતિ, માત્ર મૂડીવાદમાં જ જોવા મળશે. 'નફાવૃતિ' એમ સૂચવે છે કે મૂડીવાદમાં ઉત્પાદનને લગતા નિર્ણયો નફાના હેતુથી લેવાય છે. આમ, નફાનો હેતુ એ મૂડીવાદની પધ્ધતિની વિશિષ્ટતા છે. નફાવૃતિ કે નફાનો હેતુ મૂડીવાદની મહત્વની સંસ્થા છે.

8. સરકારની મર્યાદિત ભૂમિકા :

મૂડીવાદી આર્થિક પધ્ધતીમાં બે કારણોસર વ્યક્તિને આર્થિક સ્વતંત્રતા આપવામાં આવે છે. (અ) એવું માનવી લેવામાં આવ્યું છે કે પોતાનું હિત શામાં સમાયેલું છે એ વ્યવક્તિ પોતે વધુ સારી રીતે જાણે છે અને (બ) વ્યક્તિ પોતાના હિત માટે જે આર્થિક પ્રવૃતિ કરે છે તેમાં સમાજનું પણ હિત સમાયેલું હોય છે. એટલે કે વ્યક્તિનું હિત અને સમાજનું હિત એ બંને વચ્ચે સંઘર્ષ નથી. એ બંનેમાં સુમેળ છે.

THANK YOU